Extra No. 187

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVI ] SATURDAY, SEPTEMBER 19, 2015/BHADRA 28, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**-ના તારીખ : ૧૦/૦૮/૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-એસએચ-૫-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૩-છ- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,

સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Nurse, Class III, Recruitment Rules, 2015.**

**નર્સ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી**

**જાહેરનામું**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

ક્રમાંક : જીએચ-એસએચ-૫-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૩-છ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમોને રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, નર્સ, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો નર્સ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, નર્સ, વર્ગ-૩ની જગા ઉપરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અને ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલે માન્ય કરેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બી.એસ.સી. (નર્સિંગ) અથવા બેઝિક બી.એસ.સી. (નર્સિંગ)ની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અથવા ગુજરાત નર્સિંગ કાઉન્સિલે માન્ય કરેલી સંસ્થામાંથી જનરલ (સામાન્ય) નર્સિંગ એન્ડ મિડવાઈફરી (પ્રસૂતિ વિજ્ઞાન)માં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે :

પરંતુ સરકારની તાબાની સેવામાં અથવા પંચાયતની તાબાની સેવામાં સહાયક નર્સ મિડવાઈફ (સહાયક પરિચારિકા-દાયણ) અથવા ફિમેલ હેલ્થ વર્કર (મહિલા આરોગ્ય કાર્યકર)-ના સંવર્ગમાં ઓછામાં ઓછા દસ વર્ષ કામ કરેલું હોય અને ઉપરના નિયમ ૩ના ખંડ (ખ)માં ઠરાવેલી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવાર સદરહુ જગા ઉપર નિમણુકને પાત્ર થઈ શકશે.

૪. પસંદગી પામેલા ઉમેદવારે, એક વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૫. પસંદગી પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. પસંદગી પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. પસંદગી પામેલા ઉમેદવારે, અરજી કરતી વખતે, રજિસ્ટર થયેલ નર્સ અથવા રજિસ્ટર થયેલ મિડવાઈફ અથવા તેને સમકક્ષ હોય તે તરીકે, ગુજરાત નર્સ, મિડવાઈફ અને આરોગ્ય તપાસનીશ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ પોતાનું નામ ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજિસ્ટર કરાવવાનું રહેશે.

૯. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**એમ. એલ. ભગોરા,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.